સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪-૬-૯૯ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

***************

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૧-૫-૯૯ નાં પત્ર નં.સીમીસ./૮/૮ થી વિદિત થઈ, નગર રચના યોજના નં.૩૧ (અડાજણ) અંગે નગર નિયોજન સમિતિ ઠ.નં.૬/૯૯ થી સુચવેલ સુધારા નં.૧ નો અમલ થઈ શકે તેમ નથી તેની જાણ લેવા તથા મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૩૧ (અડાજણ)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીની મંજુરી માટે સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાના કામે સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યાબાદ, નગર રચના યોજના નં.૩૧ (અડાજણ) અંગે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ,૧૯૭૬ તથા તેના નિયમો-૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ નગર રચના યોજનાનો મુસદો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિત સંબંધ ધરાવનારા તરફથી વાંધા/સુચનો માંગવાનું નગર નિયોજન સમિતિ ઠ.નં.૬/૯૯ થી ઠરાવવામાં આવેલ. સદર બાબતે ઉકત કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી સરકારશ્રીના રાજયપત્રમાં તા.૯-૨-૯૯ ના રોજ તથા સ્થાનિક દૈનિકપત્ર ''ગુજરાત મિત્ર'' તથા ''સુરત ટાઈમ્સ''માં તા.૧૨-૨-૯૯ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ વાંધા/સુચનો અન્વયે સમય મર્યાદામાં આવેલ વાંધા/સુચનોનો અભ્યાસ કરી તૈયાર કરવામાં આવેલ મુસદારૂપ નગર રચના યોજના નં.૩૧ (અડાજણ)ને નીચે જણાવેલ સુધારાઓ સાથે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજુરી મેળવવા માટે સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

7 JUN 2000